**આદર્શ નિવાસી શાળા (કન્યા), ચીખલી, જિ.નવસારી ખાતે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નો વર્ગ વધારો કરવા અંગેની વર્ષ:૨૦૨૨-૨૩ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:અનશ/૨૦૨૦૨૧/ન.બા-૧૧/ગ
સચિવાલય, ગાંધીનગર
**તા.૦૭/૦૫/૨૦૨૨**

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્ર:અનશ/૨૦૨૦૧૭/ ન.બા-૫/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૬/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્ર: અનશ/૨૦૨૦૧૯/ ન.બા-૫૭/ગ

(૩) નિયામકશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૦૩/૧૨/૨૦૨૧નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૫૩૫/૨૦૨૧/૬૨૬ થી ૬૨૭

(૪) નિયામકશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૦૯/૦૨/૨૦૨૨નો પત્ર નં.આવિ/અનશ/ન.બા/ફા.નં.૧૫૩૫/૨૦૨૧/૪૮

**આમુખ:**

ઉપરોકત વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (કન્યા), ચીખલી, જિ.નવસારી ખાતે ધો.૯ અને ધો.૧૦નો વર્ગ વધારો થયેલ છે. ઉપરોકત વંચાણે લીધેલા ક્રમાંક (૨) સામેના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (કન્યા), ચીખલી, જિ.નવસારી ખાતે ધો.૧૧ નો વર્ગ વધારો થયેલ છે. ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમાંક (૩) થી (૪) ઉપરના સંયુક્ત કમિશનરશ્રી, નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીના પત્રથી, આદર્શ નિવાસી શાળા (કન્યા), ચીખલી, જિ.નવસારી ખાતે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નો વર્ગ વધારો કરવા અંગે વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે.પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, આદર્શ નિવાસી શાળા (કન્યા), ચીખલી, જિ.નવસારી ખાતે ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નો વર્ગ વધારો કરવા બાબતે મદદનીશ શિક્ષક (ઉ.મા.વિ), વર્ગ-૩ (પ.ધો.-ROP-2006-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ.૪૪૦૦/-, પ.ધો-ROP-2016-રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦, પે-મેટ્રીક્સ લેવલ-૭, ના.વિ ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/-) ની ૦૨ (બે) નવી જગ્યાઓ ઉભી કરવાની તથા તેમના મહેકમ ખર્ચ અન્ય નિભાવ ખર્ચ પેટે રૂ.૨૫.૨૩ લાખની વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતીને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીશી ભરતીથી ભરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ/નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનુ રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણ પ્રવર્તમાન આર.ઓ.પી-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી (આ.વિ)ની કચેરીની રહેશે.

(૧૫) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પહારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારોની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના અએક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૯) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૬ આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬–શિક્ષણ, પેટા સદર:૪૮–વીકેવાય–૧૪ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૨/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
**ઉપ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આ.વિ.), નિયામક(આ.વિ)ની કચેરી, બિરસા મુંડા ભવન,ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ), (નિયામકશ્રી (આ.વિ) મારફત)
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ),સચિવાલય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.